# નભમાં નિખરેલા વરસાદી વાદળો રોજ નગરને ભીંજવી જાય છે



**વરસાદ રોજ હાજરી પુરાવતા પલવારમાં સેકટરોમાં ચોમેર પાણી ઉભરાય છે : આકરા તાપની ગેરહાજરી વચ્ચે ભેજવાળા વરસાદી માહોલથી જનજીવન ત્રસ્ત**

ગાંધીનગર તા ૨

શહેરમાં છેલ્લા ચાર દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. રોજ આકાશમાં ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો સાંજે ભારે ઝાપટુ વરસાવી જતા પલવારમાં જ સેકટરોમાં પાણી પાણી થઈ જાય છે. દિવસ દરમિયાન ક્યારેક આકાશ ચોખ્ખુ જોવા મળે છે. તડકી છાયડી વચ્ચે વરસાદી વાતવરણ યથાવત છે. આજે પણ સાંજે અચાનક જ નાટયાત્મક હવામાન પલ્ટાના અંતે વરસાદ વરસ્યો હતો. પલવારના ભારે ઝાપટાના અંતે સેકટરોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વરસાદના લીધે સેકટરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો વધતા રોગચાળો વધુ જોર પકડે તેવી દહેશત છે.

શહેરમાં વરસાદી મોસમ જામી છે. મેઘરાજા મનમુકીને વરસતા નથી. પરંતુ રોજ હાજરી પુરાવી જાય છે. છેલ્લા ચાર દિવસથી આકાશમાં વરસાદી વાદળો યથાવત જોવા મળી રહયા છે. આકાશમા કાળા ડિબાંગ વાદળોની હાજરી વચ્ચે રોજ હળવા ભારે ઝાપટા વરસે છે. પલવારમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળે છે. જેના લીધે અચાનક જ આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસી જાય છે. ગઈકાલે સાંજે પણ વરસાદી ઝાપટાના લીધે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. વરસાદના વિચિત્ર મિજાજથી જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. આજે પણ સાંજે વરસાદી ઝાપટુ

● અનુસંધાન પાન-૭ પર

# હા... સાહેબ !

"ગજબ થઈ ગયો... ગજબ..!!"

"વળી શું ગજબ થઈ ગયો... પાછો..!?!"

"સાહેબ... સાંભળ્યુ નહિ..?! પેલી ખતરનાક ગેઈમ 'બ્લુ-વ્હેલ'નો ગુજરાતમાં પ્રથમ શિકાર નોંધાયો..?!"

"શું વાત કરો છો..?!"

"હા... સાહેબ... પાલનપુરનો અશોક માલુણા... 'બ્લુ-વ્હેલ' ગેઈમના પંદરમાં સ્ટેપ પર આપઘાત કરવા નીકળી પડ્યો..."

"...હેં... અને"

"ના...ના... સાહેબ એનો મૃતદેહ સાબરમતી નદીમાંથી મળ્યો... એના ફેસબુકના એકાઉન્ટમાંથી જાણવા મળ્યું કે તે બ્લુ-વ્હેલ ગેઈમના રવાડે ચડી ગયો હતો..!"

"ઓ... બાપરે... આમાં એવું તો સાલુ શું છે..?!"

"સાહેબ સાચુ કહું...સોશ્યલ મીડીયાએ દાટ વાળ્યો છે દાટ... સાચા ખોટા સમાચારો વ્હેતા કરવા... ગમે તેવા અને ગમે તેમ લખાણો ફટકારવા અને એનાથીયે વધારે ગેઈમની લતે ચડાવી યુવાધનને બરબાદ કરી નાખ્યું છે."

"પણ સરકારે તો આ ગેઈમ પર પ્રતિબંધ મુક્યો છે...! જાહેરનામુ હમણાં જ બહાર પાડ્યું છે..!"

"સાહેબ તમે જ કહો ને..! જાહેરનામા બહાર પાડીએ એટલે બધુ ઈતિશ્રી..!! ગુગલને લખવું પડે... યાહુને લખવુ પડે..."

"અરે ભઈ..! દિલ્હી સરકારે પણ આવો કાગળ લખ્યો'તો... ગુગલને પણ લખ્યો હતો અને યાહુને પણ લખ્યો તો... એમ ક્યાં કોઈ કોઈને ગાંઠે છે..!!"

"તો સાહેબ... આપણે ટેકનોલોજી વિકસાવવી જોઈએ કે આપણા રાજ્યોમાં આવી ગેઈમ લોન્ચ થાય જ નહિ... આપણે આપણું ઘર તો સંભાળીએ..."

"હા...હા...હા... આપણા છોકરાઓને તો બચાવી લઈએ..! તારી વાત સાચી છે... જાતજાતની અને ભાતભાતની ટેકનોલોજી આપણે વિકસાવીએ છીએ તો આ તો ડાબા હાથનો ખેલ છે..!"

"પણ દાનત હોવી જોઈએ ને સાહેબ દાનત..!! આપણે જ સોશ્યલ મીડીયામાં બહેકાવવાનું કંઈ બાકી રાખ્યુ છે..?! જાતજાતના જોકનો આધાર લઈને બીજાને હલકા ચીતરવામાં ક્યાં કોઈએ કચાશ રાખી છે..?! અને હવે..?!'.

"અલ્યા ભાઈ..! જાગ્યા ત્યાંથી સવાર... અને એટલું પણ યાદ રાખ કે વોટ્સ-એપ અને ફેસબુક પર બધુ ખોટુ જ આવે છે એવુ નથી... પણ સાચા ખોટાનો ભેદ પારખવાનો વિવેક શીખવો જોઈએ..."

"એ કોણ શીખવાડશે સાહેબ..?!"

"બહુ સીધુ-સાદુ છે..! શિક્ષણમાં એ શીખવવું પડે..! શિક્ષકોએ વિદ્યાર્થીઓને શીખવવું જોઈએ..."

"સાહેબ એ જ ખાટલે ખોડ છે ને..?! જે શીખવવાનું છે એ નથી શીખવતા..! અને જે નથી શીખવવાનું તે શીખવીએ છીએ... અને એમાં ચાલે છે આપણી શિક્ષણની હાટડીઓ..!!"

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સિઝનનો ૧૫ ટકા વરસાદ નોંધાયો

**આજે દિવસ દરમ્યાન પણ જિલ્લામાં હળવાથી ભારે વરસાદી ઝાપટા નોધાયા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં સિઝનનો અત્યાર સુધીમાં ૧૫૧ ટકા જેટલો વરસાદ થઈ જવા પામ્યો છે.

સારો વરસાદ થતાં ભૂતળમાં પાણીના સ્તરને સારો એવો ફાયદો થશે તેમ જળનિષ્ણાતો માની રહ્યા છે. જિલ્લામાં આજે પણ સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. આજે દિવસ દરમ્યાન જિલ્લાના ગાંધીનગર તાલુકામાં ૧ ઈંચ, દહેગામમાં અર્ધો ઈંચ અને માણસા-કલોલમાં હળવા વરસાદના ઝાપટા નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં સિઝનનો જે ૧૫૧ ટકા વરસાદ નોંધાયો છે તેમાં કલોલમાંથી સૌથી વધુ ૨૧૮ ટકા, ગાંધીનગરમાં ૧૨૭ ટકા, દહેગામમાં ૧૩૦ ટકા અને માણસામાં ૧૨૩ ટકા વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૧૧૨૨ મી.મી. વરસાદ થઈ ચુક્યો છે. જેમાં દહેગામમાં ૧૦૨૨ મી.મી., ગાંધીનગરમાં ૮૭૮ મી.મી., કલોલમાં ૧૮૦૦ મી.મી. અને માણસામાં ૯૮૯ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આ વર્ષે સમયસર ચોમાસાના આગમનને કારણે ખેતીમાં પણ સારો એવો ઉત્સાહ ખેડૂતોએ દાખવ્યો છે. જિલ્લામાં આ વર્ષે થયેલા વરસાદને કારણે ભૂતળના જળસ્તર જે નીચા ઉતર્યા હતા તેને સારો એવો ફાયદો થશે તેમ જળ નિષ્ણાતો માની રહ્યા છે. વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારના તળાવો પણ ભરાઈ જવા પામ્યા છે.

## સે-૧૪માં ૩ વર્ષનું બાળક સ્વાઈન ફલુમાં પટકાયું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સેકટર-૧૪માંથી આજે એક ૩ વર્ષના બાળકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાંથી ગઈ કાલે પણ એક બાળકને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો હતો. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા વધીને ૩૬ પર પહોંચી છે.

શહેરમાં સ્વાઈન ફલુને કારણે ૪ દર્દીના મોત થયા છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓ પૈકી ૨૮ દર્દી સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જયારે ૪ દર્દી હાલ સારવાર હેઠળ છે. જેમાં એક દર્દીને બાયપેપથી સારવાર આપવામાં આવી રહી છે જયારે ૧ દર્દી વેન્ટીલેટર પર છે.

## સોમવારે મનપાની સ્થાયી સમિતિ મળશે

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક સોમવારના રોજ ૪ વાગે મનપા ખાતે મળશે. મળતી વિગતો પ્રમાણે મનપા માટે બે નંગ ગાર્બેજ કોમ્પેકટર ખરીદવા માટેનો નિર્ણય લેવાશે. રૂ. ૩૦ લાખ ૯૯ હજારની કિંમતે આ કોમ્પેકટર ખરીદવામાં આવશે. બે કોમ્પેકટરનો ખર્ચ ૬૨ લાખ જેટલો થશે. શહેરમાંથી ડોર ટુ ડોર કલેકશન પરિવહનની સુવિધા સાથે પુરી પાડવા માટેની એજન્સી પણ નિયત કરી દેવામાં આવશે. વર્તમાન એજન્સી પાવરલાઈન્સનું ટેન્ડર જ એસ-૧ થયું હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૬ કેસ

**દર્દીઓની સંખ્યા ૧૨૧ થઈ : મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા ૧૬ : સૌથી વધુ ગાંધીનગરમાં દર્દી મળ્યા**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુ પોઝીટીવના વધુ ૬ દર્દી મળી આવતાં જિલ્લામાં દર્દીઓની સંખ્યા વધીને ૧૨૧ પર પહોંચી છે. જિલ્લામાં સ્વાઈન ફલુથી મૃત્યુ આંક ૧૬ પર પહોંચ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાની રાંધેજા ગામની ૮ વર્ષની દિકરીને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના સાંતેજ, પિયજ અને ખાત્રજમાંથી પણ નાની વયના બાળકોને સ્વાઈન ફલુ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત તાલુકાના બોરીસણા ખાતેથી પણ એક પુરુષ દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

માણસા તાલુકાના માણેકપુર ગામેથી એક પુરુષ દર્દી પણ આજે પરીક્ષણ દરમિયાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં ૮૮ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જયારે હાલ ૧૭ દર્દી સારવાર હેઠળ છે. જે પૈકી ૧ દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે.

જિલ્લામાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં ૪૯ નોંધાયા છે. આ પછી કલોલ તાલુકામાં ૪૨ કેસ નોંધાયા છે. દહેગામમાં ૧૬ કેસ અને માણસામાં ૧૪ કેસ સ્વાઈન ફલુના અત્યાર સુધીમાં નોંધાયા છે.

ઓગસ્ટ માસ દરમિયાન ૧૦૮ કેસ સામે આવ્યા છે.

# હવે, આમ આદમી પાર્ટી પણ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના મેદાનમાં ઉતરશે

**આપના ૨૦ સભ્યોની સ્ટેટ ઇલેક્શન કમીટીની જાહેરાત જીતે તેવા ઉમેદવારોને ચૂંટણી લડવાની તક અપાશે**

અમદાવાદ,તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પણ ઝંપલાવશે. આમ આદમી પાર્ટી (આપ) દ્વારા તા. ૧૭મી સપ્ટેમ્બરે અમદાવાદમાં વિશાળ રોડ શો યોજી પોતાના ચૂંટણી પ્રચારનું બ્યુગલ ફૂંકવામાં આવશે. આપના ગુજરાતના પ્રભારી ગોપાલ રાયે આજે ૨૦ સભ્યોની સ્ટેટ ઈલેકશન કમીટીની જાહેરાત પણ કરી હતી.

આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રભારી અને દિલ્હીના કેબીનેટ પ્રધાન ગોપાલ રાયે આજે અમદાવાદમાં જણાવ્યું હતું કે, આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આપ પણ ઝંપલાવશે. આપ દ્વારા વિધાનસભાની ચૂંટણી લડવા માટેના મુખ્ય ત્રણ માપદંડ નક્કી કરાયા છે. એક, જે તે વિધાનસભા મતવિસ્તારમાં બુથ પરનું મજબૂત સંગઠન, ચૂંટણી લડવા માટેના પર્યાપ્ત સંશાધનો અને સક્ષમ તેમજ સ્વચ્છ છબી ધરાવતા ઉમેદવાર એ માપદંડ પરિપૂર્ણ કરવાના રહેશે. વિધાનસભાની ચૂંટણીને લઇ કાર્યકર્તાઓની મહત્વની બેઠકો યોજાશે. જેમાં પક્ષના ઓબ્ઝર્વર પણ ખાસ હાજર રહેશે અને તેમના દ્વારા સંભવિત ઉમેદવારોના નામોની યાદી બનાવવામાં આવશે. જે યાદી રાજયની ઈલેકશન કમીટીને સુપ્રત કરાશે. એ પછી આ નામો રાષ્ટ્રીય પીએસીને મોકલાશે અને છેલ્લે પીએસી દ્વારા ફાઈનલ ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, જાહેર થયેલા ઉમેદવારોનો પ્રજા સાથેના સંવાદનો મુખ્ય રસ્તો ડોર ટુ ડોર અભિયાન રહેશે. આ સાથે રાજય ઈલેકશન કમીટીની નીચે એક-એક ચૂંટણી ઈન્ચાર્જની નિયુક્તિ કરાશે. વિધાનસભા ચૂંટણીને લઈ આમ આદમી પાર્ટી દ્વારા ખાસ નારો "ગુજરાતની જનતાનો સંકલ્પ, આપ જ ખરો વિકલ્પ" નક્કી કરવામાં આવ્યો છે. આ નારા સાથે આમ આદમી પાર્ટી વિધાનસભાની ચૂંટણીઓમાં ઉતરશે. આપ દ્વારા તા. ૧૭મી સપ્ટેમ્બરે શહેરમાં મેગા રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે અને આ રોડ શો થકી આપ તેના ચૂંટણી પ્રચારનું બ્યુગલ ફુંકશે એમ તેમણે ઉમેર્યું હતું.

## સોમનાથ ખાતે રાષ્ટ્રીય કલાયજ્ઞ મહોત્સવ



ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ-ગાંધીનગર, સંસ્કાર ભારતી ગુજરાત પ્રદેશ અને ગુજરાત કલા પ્રતિષ્ઠાન દ્વારા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં રાષ્ટ્રીય કલાયજ્ઞનો ઉત્સાહ-જોમ અને જુસ્સાથી પ્રારંભ થયો હતો. આને લઈને ઉત્સાહ પણ છે. કલાયજ્ઞ મહોત્સવ ૫ સપ્ટમ્બરે સુધી ચાલનાર છે. આ મહોત્સવ કુલગુરુ રવિશંકર રાવળની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણી અંર્તગત યોજાઈ રહ્યો છે. જેનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતનો કલાવારસો અને સર્જનાત્મકતા એ પ્રજા જીવનના પ્રાણ છે જેમાં કચ્છથી માંડી ધરમપુરના જંગલો સુધી કલા અને લોકજીવનનો ધબકાર જોવા મળે છે. લીલીછમ વનરાજી ધુધવતો સાગરકાંઠો, આપણા તીર્થસ્થાનો કે જે કુદરતના સાનિધ્યમાં વસેલા છે અને કુદરત અને ધર્મનો નાતો શ્વાસ અને શરીર જેવો અતુટ છે તેવાં સ્થળોના ફોટોગ્રાફીથી હાથ ચિત્રકામ કલાની પીછીથી દોરવા ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દેશભરમાંથી ૮૨થી પણ વધુ કલાકારો સવારથી સાંજ સુધી વર્ષો જુના પુરાણો શિલ્પો, સ્થાપ્તયો, દેવાલયો અને ભગ્ન અવસ્થાના સ્થાપ્તયોને કાગળ ઉપર દોરી સપ્તરંગી જીણોધ્ધાર કરી રહ્યા છે.

# નવા સેકટરોમાં પાણી ન આવતા રહીશો આગ બાબુલા

**સવારે સરીતા પમ્પીંગ સ્ટેશનના વાલ્વમાં ખામી સર્જાતા સવારે પાણી ન આવ્યુ : બપોરે સપ્લાય અપાયો**

ગાંધીનગર તા ૨

નવા સેકટરોમાં આજે સવારે પાણી ન આવતા રહીશોમાં રોષ પ્રવર્તયો હતો. સરીતા પાણીના પમ્પીંગ સ્ટેશનના વાલ્વમાં ટેકનિકલ ખામી સર્જાતા નવા સેકટરોમાં પાણીનો સપ્લાય આપી શકાયો ન હતો. જો કે તંત્ર દ્વારા બપોરના સમયે દોઢ કલાક પાણીનો સપ્લાય અપાતા રહીશોએ રાહત અનુભવી હતી. રવિવારથી સેકટરોમાં સવારે નિયત સમયે રાબેતા મુજબ પાણીનો સપ્લાય અપાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની પોકાર ઉઠવા પામે છે. સેકટરોમાં ફાર્સથી પાણી આવતુ ન હોવાથી સ્થાનિક રહીશોમાં સવાર પડતા જ પાણીનો કકળાટ પ્રવર્તે છે. નવા સેકટરોમાં પણ પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. સેકટરની વસતી પ્રમાણે પાણીની પાઈપલાઈન જુની અને કટાયેલી થઈ ગઈ હોવાના લીધે સેકટરોમાં લીકેજીસની સમસ્યા પણ વધી છે. જયારે પાણી સપ્લાય કરવા માટે લાઈનનુ અપગ્રેડેશન અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. સેકટરોમાં અંદાજિત આઠ વર્ષ અગાઉ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી હતી. જેમાં સે-૫ ખાતે પાણીની નવી ટાંકીનુ પણ નિર્માણ કરાયુ હતુ. જો કે પાઈપલાઈન અપગ્રેડ કરવાની કામગીરી સંપુર્ણ થઈ ન હતી. જયારે સેકટરોમાં વધતી વસતી અને વિકાસને ધ્યાને લઈ શહેરમાં વર્ષો જુની લાઈન બદલવાની અનિવાર્યતા ઉભી થઈ છે. નવા સેકટરોમાં નેવુના દાયકામાં નવ વસાહતમાં વસવાટ શરૂ થયો હતો. જયારે ત્રણ દાયકા જેટલો સમય વિતી ગયા બાદ પણ પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવા માટે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. બીજીતરફ નગરમાં જુના અને નવા સેકટરોમાં પાણી સપ્લાય કરવાના ઉપયોગમાં લેવાતી મશીનરી પણ હવે કંગાળ હાલતમાં છે. જેના લીધે છાશવારે ટેકનિકલ ખામી સર્જાતા પાણીની પોકાર ઉઠવા પામે છે. નવા સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પાણી સમસ્યા પેચીદી બની છે. ત્યારે તંત્ર દ્વારા યોગ્ય સર્વે કરી અસરકારક પગલા લેવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા ઉપરાંત પમ્પીંગ સ્ટેશનનુ પણ નવિનીકરણ કરવાની જરૂર હોવાનો નિષ્ણાંતો જણાંવી રહયા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com